**સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના. ખાતાકીય પરીક્ષા/લાયકાત વગેરે બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૩/મ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૧૪ મી સપ્ટેમ્બર ૨૦૦૭

વંચાણે લીધો:- ૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭.

આમુખ :-

રાજ્ય સરકારના કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેની નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ થી યોજના દાખલ કરવામાં આવેલ છે.આ યોજનાના અમલ સંદર્ભે વિવિધ કર્મચારી મંડળો દ્વારા થયેલ રજુઆતોના અનુસંધાનમાં કેટલીક સ્પષ્ટતાઓ જરુરી બનેલ છે.આ બાબતે રાજ્ય-સરકાર દ્વારા જરુરી વિચારણા કરવામાં આવેલ છે.

ઠરાવ:-

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ થી ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના દાખલ કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે મુજબના સુધારા કરવા આથી ઠરાવવામાં આવે છે.

૧. નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ ના ફકરા-૨(૬) અને ૨(૧૨)(બ),(૬)માં જે જોગવાઈ કરવામાં આવેલ છે તેમાં છુટછાટ મુકી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે હવે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે :

(૧) જે કર્મચારીઓ ૨૪ વર્ષે બીજુ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટેની અન્ય શરતો પરિપુર્ણ કરતા હશે તે કર્મચારીઓએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોય તો પણ તેમને પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે, પરંતુ

(૨) ખાતાકીય પરીક્ષા પાસ કર્યા સિવાયના જે કર્મચારીઓને ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુરકરવામાં આવેલ હશે તેઓને ખાતાના વડાની કચેરીઓ તેમજ વહીવટી વિભાગો બનતી ત્વરાએ ખાતાકીય પરીક્ષાની તાલીમમાં મોકલી તેઓની ખાતાકીય પરીક્ષા લેવાની વ્યવસ્થા ગોઠવશે.આવા કર્મચારીઓએ ખાતાના વડાની કચેરી કે વહીવટી વિભાગ દ્વારા ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરાયા બાદ તુર્ત જ યોજાનાર ખાતાકીય પરીક્ષા(ઓ)માં ફરજિયાત ઉપસ્થિત રહી, સંબંધીત ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ તકોમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે અને આવી નિયત તકો, સંબંધીત કર્મચારીએ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા બાદ તુર્ત જ લેવાનારી ક્રમિક ખાતાકીય પરીક્ષાઓમાં અનિવાર્યપણે ઉપસ્થિત થઈને પસાર કરવાની રહેશે.

(૩) ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ આવા કર્મચારી બઢતી માટેની ખાતાકીય પરીક્ષા નિયત તકોમાં પાસ ન કરે ત્યારે તેને તેના મુળ સંવર્ગમાં એટલે નીચેની જગ્યાના પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ન મળ્યો હોત તો નીચલા પગાર ધોરણમાં મળતો હોત તે મુળ પગાર મળવાપાત્ર થશે.આમ છતાં નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવાને કારણે સબંધીત કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હશે તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં.

XXXXXX

(૪) કર્મચારીને ૨૪ વર્ષ સુધીમાં એક પણ બઢતી મળેલ ન હોય ત્યારે ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણની વિચારણા કરતી વખતે, પાત્રતાની તારીખે કર્મચારી જે સંવર્ગમાં હોય તે સંવર્ગની એકંદર કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે.

ઉદાહરણ તરીકે:-

સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને નાયબ સેકશન અધિકારી તરીકે બઢતી મળ્યા સિવાય સંવર્ગમાં ૨૪ વર્ષ પુર્ણ થતાં સેકશન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે નાયબ સેકશન અધિકારી તરીકે કામગીરી તેમજ તે જગ્યાના ખાનગી અહેવાલ ધ્યાને લેવાને બદલે સામાન્ય ફરજ કારકુનની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યા ઉપરના ખાનગી અહેવાલો જોવાના રહેશે.

સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને, નાયબ સેકશન અધિકારીની જગ્યામાં બઢતી મળેલ હોય તથા વર્ષે સેકશન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું હોય તો તે માટે નાયબ સેકશન અધિકારીની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યાના ખાનગી અહેવાલ જોવાના રહેશે. તથા તેમાં ખુટતી કામગીરી અને ખાનગી અહેવાલ માટે સામાન્ય ફરજ કારકુનની જગ્યાની કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે.

૨. (૧) ૧૨ કે ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા પાત્ર કર્મચારીઓના કિસ્સામાં સબંધીત કર્મચારીએ લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલો હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાની મુળ તારીખથી મંજુર કરી શકાશે, જો તેણે લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર ન કરેલ હોય તો ઉચ્ચતર પગાર ધોરણ એ શરતે કામચલાઉ રીતે મંજુર કરી શકાશે કે તે કર્મચારી મોડામાં મોડુ તા.૩૦/૬/૨૦૦૮ સુધીમાં લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરી લેશે.

(૨) ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ કર્મચારીએ બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલા સ્વૈચ્છિક નિવૃતિ મેળવવી હશે તો તેઓએ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરવાનો રહેશે અને તેમણે મેળવેલ નાણાકીય લાભ પરત કરવાનો રહેશે. ગુજરાત રાજય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમ ૨૮ની જોગવાઇઓ આ પ્રકારના કેસોમાં લાગુ પડશે નહીં.

(૩) સબંધિત કર્મચારીએ આ ઠરાવની સાથેની અનુસુચિ મુજબની બાંહેધરી આપવાની રહેશે.

૩. આ ઠરાવના અર્થઘટન પ્રસંગે નાણા વિભાગનો પુર્વ પરામર્શ કરવાનો રહેશે:

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/
(શ્રીદેવી શુકલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

ક્રમાંક:ખ ૨/માધ્ય/૦૭ /
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ત્રિકોણબાગ, રાજકોટ.
તા.૧/૧૨/૨૦૦૭.

પ્રતિ,
આચાર્યશ્રી,
જીલ્લાની તમામ બિન સરકારી
ગ્રાંટેડ માધ્ય. શાળાઓ તરફ.
ઉકત બાબતે જાણ તેમજ અમલાર્થે.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

અનુસુચિ-૧

બાંહેધરીનું ફોર્મ

(જુઓ યોજનાનો ફકરો-૧ અને ૨(૫))

પ્રતિ,

....................

..................

..................

હું ..............................કચેરી/વિભાગમાં..............ખાતે ....................તરીકે નોકરી કરું છું.

મેં નાણા વિભાગના તા.૧૪/૯/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૧૧૩/મ અન્વયે ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેની જોગવાઈ વાંચી છે અને આથી હુ તેમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉં છું. વધુમાં આથી બાંહેધરી આપું છું કે, મને કચેરી/વિભાગ દ્વારા યોજનાર બઢતી માટેની ક્રમિક ખાતાકીય પરીક્ષા માટે મોકલવામાં આવશે ત્યારે અચુકપણે ઉપસ્થિત રહી, ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ કરેલ નિયત તકમાં પરીક્ષા પાસ કરીશ. વધુમાં, મને લાગુ પડતા કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા તા.૩૦/૬/૨૦૦૮ સુધીમાં પાસ કરીશ અને જો આવી પરીક્ષા હું પાસ નહી કરું તો આ યોજના હેઠળ મને મંજુર કરવામાં આવેલ ૨૪ વર્ષના બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરીશ અને મુળ નીચલા પગાર ધોરણનો સ્વીકાર કરીશ તેમજ મને ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળ્યો ન હોત તો મને મુળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર ધોરણ મળવાપાત્ર થશે.

સ્થળ:- ...............

તારીખ:- ...........  કર્મચારીની સહી..................

કર્મચારીનું નામ:- ................

કર્મચારીનો હોદ્દો

કચેરી :

ખાસ નોંધ:- આ ફોર્મમાં કોઈ પણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

અનુસુચિ-૨

બાંહેધરી પત્ર

(જુઓ ઠરાવમાંનો ફકરા ૨(૨))

આથી હું કબુલ કરું છું કે, નાણા વિભાગના તા.૧૪/૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૬/૧૧૩/મ અન્વયે ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે ત્યારે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા તેમજ લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલા સ્વૈચ્છિક નિવૃતિ મુકીશ નહી અને આવી સ્વૈચ્છિક નિવૃતિ મુકીશ તો મને મળેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરીશ તેમજ ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળ્યો ન હોત તો મને મુળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણમાં મુકવા અને તે અન્વયે મળવાપાત્ર પગાર મેળવવા અંગેની સંમતિ આપું છું.

સ્થળ:- ..............

તારીખ:- ..............

કર્મચારીની સહી..................

કર્મચારીનું નામ:

કર્મચારીનો હોદ્દો:

કચેરી:

ખાસ નોંધ:- આ ફોર્મમાં કોઈ પણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.